**કલેઈમ પરચુરણ (પેમેન્ટ અરજી) અરજી નં. 56-57/25 તથા ના કામે આંક–૧ તળેનો હુકમ... (કલેઈમ કેસ નં. ૧૦૦/૨૦૦૭ તથા કલેઈમ કેસ નં. ૯૮/૨૦૦૭)**

(૧) આ કામનાં મુળ કલેઈમ કેસ નં. ૯૮/૨૦૦૭, નાં અરજદાર મહેશભાઈ પરબતભાઈ વાઘેલાને વાહન નં. જીજે–૧૦–ડબલ્યુ–જપપર, થી અકસ્માત થતા તેઓને ગંભીર ઈજાઓ થતા અને તે ઈજાઓ બાબતે તેમનાં તરફથી કલેઈમ કેસ નં. ૯૮/૨૦૦૭, થી આપ નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ અરજી દાખલ કરી વળતરની રકમ મેળવવાની માંગણી કરેલ અને તે અનુસંધાને નામદાર ટ્રીબ્યુનલે સદરહું અરજી અન્વયે વિગતવાર પુરાવો તપાસી ગુણદોષ ઉપર પક્ષકારોને સાંભળી તા. ૩૦/૦૪/૨૦૧૧, નાં રોજ ચુકાદો આપવામાં આવેલ છે અને એવોર્ડ કરવામાં આવેલ છે અને નામદાર ટ્રીબ્યુનલે આપેલ આ ઓર્ડર સામે નામદાર ગુ. હા. માં ફ. અપીલ નં. ૭૧૨/૨૦૧૨, થી અપીલ દાખલ થતા અને સદર અપીલનાં કામે થયેલ હુકમ મુજબ અમો અરજદાર વિમા કંપનીએ રૂા. ૧૦,૮૯, ૩૭૮/– આપ નામદાર ટ્રીબ્યુનલમાં વ્યાજ તથા ખર્ચ સહિત જમા કરાવેલ છે અને અરજદારને નામદાર હાઈકોર્ટનાં હુકમ મુજબ રકમ ચુંકવી આપવામાં આવેલ છે. નામદાર હાઈકોર્ટનાં ચુંકાદામાં જણાવ્યા મુજબ અમો વિમા કંપનીએ આપ નામદાર ટ્રીબ્યુનલમાં કુલ રૂા. ૧૦,૮૯, ૩૭૮/– ની રકમ વ્યાજ તથા ખર્ચ સહિત જમા કરાવી દીધેલ છે અને ત્યારબાદ આ રકમ મુળ કામનાં અરજદારને નામદાર હાઈકોર્ટનાં હુકમ મુજબ ચુંકવી આપવામાં આવેલ છે, અને અમો વિમા કંપનીએ જમા કરેલ રકમ અમો સામાવાળા વાહન નં. જીજે–૧૦–ડબલ્યુ–જપપર, નાં માલિક નં.૨, → જયંતિલાલ સવાભાઈ પરમારનાં પાસેથી વસુલ મેળવવા માટે રીકવર કરવાનો રાઈટ આપવામાં આવેલ છે.

(૨) આ કામનાં મુળ કલેઈમ કેસ નં. ૧૦૦/૨૦૦૭,નાં ગુજ. ગલાભાઈ ઉર્ફે ભાયાભાઈ વિસાભાઈ પરમારને વાહન નં. જીજે–૧૦–ડબલ્યુ–જપપર, થી અકસ્માત થતા તેઓને ગંભીર ઈજાઓ થતા તેનું અવસાન થતા તે બાબતે તેમનાં વારસો તરફથી કલેઈમ કેસ નં. ૧૦૦/૨૦૦૭, થી આપ નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ અરજી દાખલ કરી વળતરની રકમ મેળવવાની માંગણી કરેલ અને તે અનુસંધાને નામદાર ટ્રીબ્યુનલે સદરહું અરજી અન્વયે વિગતવાર પુરાવો તપાસી ગુણદોષ ઉપર પક્ષકારોને સાંભળી તા.૩૦/૦૪/૨૦૧૧, નાં રોજ ચુંકાદો આપવામાં આવેલ છે અને એવોર્ડ કરવામાં આવેલ છે અને નામદાર ટ્રીબ્યુનલે આપેલ આ ઓર્ડર સામે નામદાર ગુ. હા. માં ફ. અપીલ નં. ૫૬૯/૨૦૧૩, થી અપીલ દાખલ થતા અને સદર અપીલનાં કામે થયેલ હુકમ મુજબ અમો અરજદાર વિમા કંપનીએ રૂા.૧૧,૯૫,૫૩૩/– આપ નામદાર ટ્રીબ્યુનલમાં વ્યાજ તથા ખર્ચ સહિત જમા કરાવેલ છે અને અરજદારને નામદાર હાઈકોર્ટનાં હુકમ મુજબ રકમ ચુંકવી આપવામાં આવેલ છે. નામદાર હાઈકોર્ટનાં ચુંકાદામાં જણાવ્યા મુજબ અમો વિમા કંપનીએ આપ નામદાર ટ્રીબ્યુનલમાં કુલ રૂા.૧૧,૯૫,૫૩૩/– ની રકમ વ્યાજ તથા ખર્ચ સહિત જમા કરાવી દીધેલ છે અને ત્યારબાદ આ રકમ મુળ કામનાં અરજદારોને નામદાર હાઈકોર્ટનાં હુકમ મુજબ ચુંકવી આપવામાં આવેલ છે, અને અમો વિમા કંપનીએ જમા કરેલ રકમ અમો સામાવાળા વાહન નં. જીજે–૧૦–

ડબલ્યુ–૪૫૫૨, નાં માલિક નં.૨, જયંતિલાલ સવાભાઈ પરમારનાં પાસેથી વસુલ મેળવવા માટે રીકવર કરવાનો રાઈટ આપવામાં આવેલ છે.

(૩) ઉપરોકત અરજીના અનુસંધાને ઈન્સ્યુરન્સ કુા. ના વિ.વ. શ્રી વી. એચ. કણઝારીયાએ તેમની મૌખિક રજુઆતમાં એવુ જણાવે છે કે, ઉપરોકત કામે નામ. ગુજરાત હાઈકોર્ટ અપીલ નં. ૫૬૯/૨૦૧૩ તથા ૭૧૨/૨૦૧૨ થયેલ તે કામે નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, એવોર્ડ મુજબ વિમા કુા. એ ચુકવી આપેલ રકમ વ્યાજ તથા ખર્ચ સહીતના મળી કલેઈમ કેસ નં. ૯૮/૨૦૦૭ ના સામાવાળા નં. ૨ વાહન નં. જીજે–૧૦–ડબલ્યુ–૪૫૫૨ ના માલીક નં. ૨ જયંતિલાલ સવાભાઇ પરમારે તે રકમ નહી ચુકવતા તેમની સ્થાવર તથા જંગમ મિલકતમાંથી વસુલાત કરવાની થાય છે. પરંતુ તેમની સ્થાવર તથા જંગમ મિલકત દેવભુમી ધ્વારકા જીલ્લામાં મોખાણા ગામ, તા. ભાણવડ મુકામે આવેલ છે જે મહે. દેવભુમી ધ્વારકા ટ્રીબ્યુનલના અધિકારક્ષેત્રમાં આવતી હોય જેથી હાલની અરજી અત્રે કોઇ રીકવરી થયેલ ન હોય તે બાબતના સર્ટી. સાથે મહે. દેવભુમી ધ્વારકા ટ્રીબ્યુનલને એવોર્ડ ટ્રાન્સફર કરી આપવા અરજી કરેલ છે.

(૪) દિવાની કાર્યરીતી સંહીતા, ૧૯૦૮ ની કલમ–૩૯(ખ) ના પ્રોવીઝનો વંચાણે લેતા અરજદારની અરજી જેતે હકુમત ધરાવતી ટ્રીબ્યુનલને એવોર્ડની બજવણી માટે ટ્રાન્સફર કરવાનો નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમને ધ્યાને લઇ વ્યાજબી જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરુ છું.

**: હુકમ :**

૧. હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. એમ.એ.સી.પી. નં. ૯૮/૨૦૦૭ તથા એમ.એ.સી.પી. નં. ૧૦૦/૨૦૦૭ ના કામે તા. ૩૦–૪–૨૦૧૧ ના કામે થયેલ એવોર્ડ /ડીક્રી , માનનીય મોટર અકસ્માત દાવા ટ્રીબ્યુનલ (મેઇન) દેવભૂમિ ધ્વારકાને ટ્રાન્સફર કરવામાં આવે છે.

૩. રજીસ્ટ્રીને આદેશ આપવામાં આવે છે કે, એમ.એ.સી.પી. નં. ૯૮/૨૦૦૭ તથા એમ.એ.સી.પી. નં. ૧૦૦/૨૦૦૭ ના સામાવાળા નં. ૩ (આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ, ઈન્સ્યુરન્સ કુા. લી.) ના પક્ષમાં પ્રમાણપત્ર ઈસ્યુ કરવુ .

૪. એમ.એ.સી.પી. નં. ૯૮/૨૦૦૭ તથા એમ.એ.સી.પી. નં. ૧૦૦/૨૦૦૭ માં આપેલ એવોર્ડ/ડીક્રીની પ્રમાણીત નકલ પ્રમાણપત્ર તથા આદેશની નકલ સાથે માનનીય મોટર અકસ્માત દાવા ટ્રીબ્યુનલ (મેઈન) દેવભૂમિ ધ્વારકાને મોકલી આપવુ.

૫. આ હુકમની નકલ એમ.એ.સી.પી. નં. ૯૮/૨૦૦૭ તથા એમ.એ.સી.પી. નં. ૧૦૦/૨૦૦૭ ના કામમાં સામેલ રાખવી તથા એમ.એ.સી.એમ.એ. નં. ૫૭/૨૦૨૬ ના કામે પ્રમાણીત નકલ સામેલ રાખવી.

તા. ૨૦/૦૩/૨૦૨૬.
મું. પોરબંદર.

(પી. એચ. શર્મા)
મોટર એકસી. કલેઈમ ટ્રિબ્યુનલ (ઓકજી.)
પોરબંદર.